# કેરર્સ એલાવન્સ અને કેરર પ્રીમિયમ

| |
|---|
| આ પત્રિકામાં આપેલ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે, કાયદા-કાનૂનની સત્તાવાર રજુઆત નથી. એપ્રિલ ૨૦૦૩ ની તારીખે આ માહિતી ખરી છે. |

કેરર - એટલે કોઇની સાર-સંભાળ લઇ રહેલ વ્યક્તિ - માટે આ કેરર્સ એલાવન્સ મુખ્ય બેનિફિટ છે. એપ્રિલ ૨૦૦૩ ની પહેલા એ ઇનવેલિડ કેર એલાવન્સ તરીકે ઓળખાતું હતું.

કેરર પ્રીમિયમ કોઇ અલગ બેનિફિટ નથી, પણ કેરરને મળતા અન્ય 'મીન્સ-ટેસ્ટેડ' બેનિફિટમાં પૂરક તરીકે ઉમેરાતી રકમ છે.

કેરર્સ એલાવન્સ અને કેરર પ્રીમિયમ મેળવવા માટે લાગુ પડતી મુખ્ય શરતોને આ પત્રિકામાં સમાવવામાં આવી છે.

| |
|---|
| **સાવધાન:** ક્યારેક એવું પણ બને કે તમે કેરર્સ એલાવન્સ માગો તો તમે જેની સંભાળ લઇ રહ્યા હો તેને મળતા બેનિફિટમાં કાપ મૂકવામાં આવે. તમને ચોક્કસ ખાતરી ના હોય તો નીચે બતાવેલ '*કેરર્સ એલાવન્સ અને અન્ય બેનિફિટ*' તથા '*સિવીયર ડીસેબીલીટી પ્રીમિયમ*' વિભાગોમાં જુઓ અથવા વધુ સલાહ માગો. |

## કેરર્સ એલાવન્સ

### કેરર્સ એલાવન્સ કેટલું હોઇ શકે?

સાધારણ રીતે વીકના £૪૩.૧૫ લેખે કેરર્સ એલાવન્સ અપાય છે.

તમારા જીવનસાથી માટે થઈને તમને વીકના £૨૫.૮૦ મળી શકે છે. તમારા જીવનસાથીને જો અન્ય બેનિફિટ મળતા હશે (નીચે જુઓ '*અન્ય કોઈ બેનિફિટ થકી વધારે રકમ ના મળતી હોય*') યા તો બીજી આવક (માન્ય કાપ મૂક્યા પછી રહેતી) અને પેન્શન થકી એને £૨૫.૮૦ થી વધારે રકમ મળતી હોય તો તમને આ વધારાની રકમ (£૨૫.૮૦) નહીં મળે.

તમે કેરર્સ એલાવન્સ માટેની પ્રથમ અરજી ૬ એપ્રિલ ૨૦૦૩ ની પહેલા કરી હોય તો તમને તમારા આશ્રિત બાળક માટે વધારાની રકમ મળી શકે છે. સૌથી મોટા બાળક અર્થે £૯.૫૫ અને બીજા દરેક બાળક અર્થે £૧૧.૩૫ની વધારાની રકમ મળશે. જો કે તમારા જીવનસાથી આવક અમુક નક્કી રકમ કરતાં વધારે હોય તો ઉપર જણાવેલ વધારાની રકમ તમને નહીં મળે. જીવનસાથીની આવક (માન્ય કાપ મૂક્યા પછી રહેતી) વીકના £૧૬૦થી ઓછી હોય તો જ પ્રથમ બાળક અર્થે વધારાની રકમ મળશે. એથી આગળ, આવકમાં દર £૨૦નો વધારો બીજા એક એક બાળકને લગતી રકમ રદ્દ કરાવશે.

જો કેરર્સ એલાવન્સ માટે ૬ એપ્રિલ ૨૦૦૩ પછીથી અરજી કરી હોય તો બાળકને લગતી વધારાની રકમ ના જ મળી શકે.

જે વીકમાં તમને કેરર્સ એલાવન્સ મળે એ વીક માટની તમારી નૅશનલ ઇન્શ્યોરન્સની રકમ જમા થઇ જશે. આના થકી તમારા ભવિષ્યના રિટાયરમેન્ટ પેન્શન, સરકારી પેન્શન, ઇન્કૅપૅસીટી બેનિફિટ, તેમ જ જોબસીકર્સ એલાવન્સની રકમ સચવાઇ રહેશે. ઉપરાંત, તમારા અવસાન બાદ તમારા વિરહી જીવનસાથીને મળનાર બેનિફિટ પણ જળવાઇ રહેશે.

કેરર્સ એલાવન્સ ઉપર ટૅક્સ લાગુ પડે છે.

## કેરર્સ એલાવન્સ કોને મળી શકે?

નીચે બતાવેલ મુદ્દાઓ લાગુ પડતા હોય તો કેરર્સ એલાવન્સ મળી શકે:

- અમુક ખાસ, મુકરર બેનિફિટ ડીસેબીલીટી બેનિફિટ મેળવનાર વ્યક્તિની સાર-સંભાળ તમે લેતા હો;
- વીકના ૩૫ કલાક કે એથી વધુ સમય માટે તમે એ વ્યક્તિની સંભાળ લેતા હો;
- તમારી વય ૧૬ વર્ષ કે એથી ઉપર હોય;
- તમે ફુલ-ટાઇમ અભ્યાસ ના કરી રહ્યા હો;
- તમારી આવક વીકના £૭૭ કરતાં ઓછી હોય;

- અન્ય કોઇ બેનિફિટ થકી વધારે રકમ ના મળતી હોય;
- યુ.કે.માં તમારી હાજરી અને તમારા વસવાટને લગતી શરતોનું પાલન થઈ રહ્યું હોય.

આ દરેક મુદ્દા ઉપર વિગતવાર છણાવટ નીચે આપેલ છે.

તમારી સંભાળ હેઠળની વ્યક્તિનું અવસાન થાય તો ત્યાર બાદ તમે આઠ વીક સુધી કેરર્સ એલાવન્સ મેળવી શકો છો. ઉપર બતાવેલ મુદ્દાઓમાંથી, સંભાળ લેવાનો મુદ્દો તથા એ વ્યક્તિને અમુક મુકરર બેનિફિટ મળતા હોવા જોઇએ એ મુદ્દો, એ બે સિવાય દરેક મુદ્દા લાગુ પડતા રહેશે.

## ખાસ, મુકરર બેનિફિટ ડીસેબીલીટી બેનિફિટ

જેની સંભાળ તમે લઇ રહ્યા હો તેને નીચે બતાવેલ કોઇ પણ બેનિફિટ મળતું હોવું જોઇએ:

- એટેન્ડન્સ એલાવન્સ; અથવા,
- અંગત દેખભાળ અર્થે, મધ્યમ દરે યા ઉચ્ચ દરે ડીસેબીલીટી લીવીંગ એલાવન્સ; અથવા,
- વૉર પેન્શન કે ઇન્ડસ્ટ્રિયલ ડીસેબલમેન્ટ બેનિફિટની સાથે સાથે, સતત ચાકરી માટે, કોન્સ્ટન્ટ એટેન્ડન્સ એલાવન્સ વીકના £૪૬.૮૦ કે એથી વધુ.

## વીકના ૩૫ કલાક કે એથી વધુ સમય માટે  તમે એ વ્યક્તિની સંભાળ લેતા હો

કોઇ એક જ વ્યક્તિની સંભાળ માટે તમે વીકના ૩૫ કલાક આપતા હો એ જરૂરી છે. બે કે વધારે વ્યક્તિઓની સંભાળ-ચાકરી પાછળ અપાતા કલાકોનો સરવાળો ના કરી શકાય.

તમે વધારે વ્યક્તિઓની સંભાળ-ચાકરી કરતા હો તો પણ તમને કેરર્સ એલાવન્સ તો એક જ પેટે મળશે. એ જ પ્રમાણે, કોઇ એક વ્યક્તિની સંભાળ માટે એક જ કેરરને આ બેનિફિટ મળશે - એકથી વધારે કેરર રોકાયેલા હોય તો કોણે અરજી કરવી એ સૌ કેરર આપસમાં સમજી લે.

જે જે વીકનું કેરર્સ એલાવન્સ તમે માગો તે માટે જરૂરી છે કે કોઇ વ્યક્તિની સંભાળ પાછળ તમે એ વીકમાં ૩૫ કલાક કાઢ્યા હોય (ક્યારેક સંભાળ-ચાકરી ટૂંક સમય માટે અટકાવવામાં આવે તો શું કરવું એ નીચે આપેલ છે). સંભાળ પાછળ અપાતા સમયમાં વીકે વીકે વધ-ઘટ થતી હોય તો એનો સરેરાશ અડસટ્ટો ન લગાવી શકાય. કેરર્સ એલાવન્સની ગણતરી માટે રવિવારથી લઇને પછીના શનિવાર સુધીની મુદતને એક વીક લેખાય છે.

વ્યક્તિને કોઇ કામમાં હાથ આપવો કે એના ઉપર નજર રાખવી એ પણ સેવા-ચાકરી ગણાય. એ વ્યક્તિની પ્રત્યક્ષ રહીને તમે જે કાંઇ મદદ કરો એ ગણનામાં લેવાય છે. સાથે સાથે, રસોઇપાણી, શોપિંગ, કે ઘરનાં સામાન્ય કામ, એ બધું પણ આવી જાય. જો એ વ્યક્તિ તમારે ત્યાં આવીને દેખભાળ મેળવે, તો એના આવવાની તૈયારી માટે તેમ જ એના ગયા પછીની સાફ-સૂફી માટે અપાતો સમય પણ દેખભાળ માટે જ અપાયેલો ગણાય.

## સંભાળ-ચાકરી ટૂંક સમય માટે અટકાવવામાં આવે તો

તમે સતત ૧૪ વીક સુધી કેરર્સ એલાવન્સ મેળવ્યું હોય પછી તમારે હોસ્પિટલમાં જવાનું થાય, અને તમે સંભાળ જારી ન રાખી શકો, તો તમને બાર વીક સુધી કેરર્સ એલાવન્સ મળવાનું ચાલુ રહેશે.

તમે જેની સંભાળ લેતા હો તે વ્યક્તિને હોસ્પિટલમાં જવાનું થાય, તો બાર વીક સુધી યા એને મળતું ડીસેબીલીટી બેનિફિટ બંધ થાય ત્યાં સુધી તમારૂં કેરર્સ એલાવન્સ ચાલુ રહેશે. એ વ્યક્તિ:

- ૧૬ વર્ષથી વધારે વયની હોય અને એનએચએસ હોસ્પિટલમાં ચાર વીક કાઢ્યા હોય; યા
- ૧૬ વર્ષથી ઓછી વયની હોય અને એનએચએસ હોસ્પિટલમાં બાર વીક કાઢ્યા હોય;

તો એ સંજોગોમાં એનું ડીસેબીલીટી બેનિફિટ બંધ થશે.

અન્યથા, જો તમે ૨૨ (બાવીસ) વીક સુધી કેરર્સ એલાવન્સ મેળવ્યું હોય તો ૨૬ (છવીસ) વીકના કોઇ ગાળા દરમ્યાન ચાર વીક સુધી તમે સંભાળ અટકાવી શકો છો.

૨૬ (છવીસ) વીકના કોઇ ગાળા દરમ્યાન તમે કુલ્લ ૧૨ બાર વીકથી વધારે લાંબા સમય માટે સંભાળ લેવાનું અટકાવો (હોસ્પિટલ અર્થે કે કોઇ પણ કારણસર) તો તમને કેરર્સ એલાવન્સ નહીં મળી શકે.

## તમારી વય ૧૬ વર્ષ કે એથી ઉપર હોય

સોળમી વર્ષગાંઠ પહેલા આ બેનિફિટ ના મળી શકે. જો કે ત્રણ મહિના આગોતરા અરજી કરી શકાય છે, એટલે ૧૫ વર્ષ ૯ માસની ઉંમર હોય ત્યારે તમે અરજીપત્રક ભરીને મોકલી શકો છો.

<u>૬૫ વર્ષથી મોટી વયના લોકો માટેના નિયમો</u>

૨૮ ઑક્ટોબર ૨૦૦૨ સુધી એવી પરિસ્થિતિ હતી કે તમારી ઉંમર ૬૫ થી વધારે હોય તો કેરર્સ એલાવન્સ (ત્યારે એને ઇનવેલિડ કેર એલાવન્સ કહેવાતું) માટે તમે નવેસરથી અરજી ના કરી શકો. આજની

તારીખે, ૬૫ વર્ષ વટાવી ચુકેલા કેરર્સ એલાવન્સ માગી શકે છે, પણ મોટે ભાગે એ મળશે નહીં. આમ છતાં, કેરર્સ એલાવન્સ માગો ત્યારે તમને એ ના મળે તો પણ એનાથી વધારે રકમ મળે એવા અન્ય "મીન્સ-ટેસ્ટેડ" બેનિફિટ તમને કદાચ મળી શકે. આગળ ઉપર જુઓ: *અન્ય કોઈ બેનિફિટ થકી વધારે રકમ ના મળતી હોય*, અને કેરર *પ્રીમિયમ*.

તમે બન્ને ૬૫ વર્ષથી મોટા હો અને *૨૮ ઑક્ટોબર ૨૦૦૨ ની પહેલાથી* તમને કેરર્સ એલાવન્સ મળતું હોય તો એ સંજોગોમાં તમારી આવક અમુક મુકરર મર્યાદા કરતાં વધી જાય યા તમે ડીસેબલ્ડ વ્યક્તિની સંભાળ લેવાનું બંધ કરો તો પણ કેરર્સ એલાવન્સ ચાલુ રહેશે. અન્યથા, કેરર્સ એલાવન્સ ચાલુ રાખવા માટે તમારે બધી શરતો, બધા મુદ્દાઓનું પાલન કરવું પડશે.

**૨૮ ઑક્ટોબર ૧૯૯૪ ની પહેલા ૬૫ વર્ષ વટાવી ચુકેલી સ્ત્રીઓ** બીજા ખાસ ધારાઓ લાગુ પડે છે. એ તારીખ પહેલા, ૬૦ વર્ષ વટાવી ચુકેલી સ્ત્રીઓને કેરર્સ એલાવન્સ ના મળી શકતું (સ્ત્રીવર્ગ સામે ભેદભાવ થતો એટલે ધારો બદલવામાં આવ્યો હતો). જો એમ હોય કે કેરર્સ એલાવન્સના નિયમો તમને ૨૮ ઑક્ટોબર ૧૯૯૪ ની પહેલાથી લાગુ પડતા હોય અને તમારી ઉંમર ત્યારે ૬૦ અને ૬૫ની વચ્ચે હોય, તો તમે આજની તારીખે - મોડે મોડે - અરજી કરી શકો છો. તમને ચોક્કસ ખાતરી ના હોય તો સલાહ મેળવી લો.

## તમે ફુલ-ટાઇમ અભ્યાસ ના કરી રહ્યા હો

તમે ફુલ-ટાઇમ અભ્યાસ કરતા હો તો તમને કેરર્સ એલાવન્સ ના મળી શકે. વીકના ૨૧ કલાક કે એથી વધારે સમયનો કોર્સ હોય તો એ ફુલ-ટાઇમ ગણાય છે.

શિક્ષક વગેરેની દેખરેખ હેઠળ જે અભ્યાસ થાય તેનો સમય જ ગણતરીમાં લેવાય છે. કોલેજની બહાર રહીને કરાતું કોર્સનું કામ તેમ જ 'ઘરલેસન' દેખરેખ હેઠળનો અભ્યાસ ગણનામાં લેવાય. ખાણા-પીણા માટે મળતો વિરામનો સમય અભ્યાસ તરીકે ના લેખાય.

ફક્ત અભ્યાસક્રમની સત્ર દરમ્યાનનો સમય જ અભ્યાસનો સમય ગણાય. ઉપરાંત, સત્ર દરમ્યાન વીકના ૨૧ કલાક કે એથી વધારે સમયનો કોર્સ હોય, તો રજાઓ (વૅકેશન) દરમ્યાન કેરર્સ એલાવન્સ ના મળી શકે. કોર્સમાંથી ટેમ્પરરી છુટ્ટી લીધી હોય એ ગાળામાં પણ - જો તમે પછી કોર્સ ચાલુ રાખવાના હો તો - કેરર્સ એલાવન્સ ના મળી શકે.

## તમારી આવક વીકના £૭૭ કરતાં ઓછી હોય

તમે પગારદાર હો અને વીકના £૭૭થી વધારે આવક હોય તો તમને કેરર્સ એલાવન્સ નહીં મળી શકે. દર વર્ષે એપ્રિલ માસમાં આ આવક-મર્યાદા ઊંચી લઇ જવાય છે.

વીકની આવકનો હિસાબ કરતી વખતે, તમારી કુલ્લ ગ્રોસ આમદાનીમાંથી નીચે પ્રમાણે રકમ બાદ કરવામાં આવશે (બાકી રહેતી રકમને 'નેટ' આવક કહેવાય):

- ઇન્કમ ટૅક્સ (આવકવેરો);
- નૅશનલ ઇન્શ્યોરન્સ;
- તમારા પેન્શનના ભરણાની અર્ધી રકમ.

તમારા આશ્રિત યા ૧૬ વર્ષથી નાના બાળકને સંભાળવા માટે તમે કોઈને વેતન આપો, તો એ પણ બાદ કરી શકાય - 'નેટ' આવકમાંથી અર્ધી બાકી રહે ત્યાં સુધી. આ વેતનની રકમ કોઇ નજીકના સગાને - તમારા પોતાના યા આશ્રિતના સગાંને - અપાય તો એને બાદ ના કરી શકાય. જીવનસાથી, માબાપ, પુત્ર, પુત્રી, ભાઇ, બહેન - આ બધાં નજીકના સગા કહેવાય.

તમારી આવક વીકે-વીકે બદલતી રહેતી હોય તો એનો સરેરાશ અડસટ્ટો ગણનામાં લેવાશે. કોઇ ખાસ, "સ્વીકૃત, મુકરર મુદત" (દા.ત. અભ્યાસવર્ષ, કે નિયમીત શિફ્ટ-વર્કની કોઇ સિસ્ટમ) પ્રમાણે તમારી આવકમાં વધ-ઘટ થતી હોય તો એ તમામ મુદત દરમ્યાનની આવકની સરાસરી લેવામાં આવશે. અન્યથા, પાંચ વીક કે કોઇ એવી વધુ ચોક્કસ આંકણી કરાવી શકે એવી મુદતની આવકની સરાસરી લેવામાં આવશે.

પોતીકા ધંધાની આવકના હિસાબ માટે, વીતેલા 'ટૅક્સ-વર્ષ'ને ધ્યાનમાં લેવાય છે. તમે તાજેતરમાં જ પોતીકો ધંધો શરૂ કર્યો હોય યા તમારી આવકમાં તાજેતરમાં ફેરફાર થયો હોય, તો હિસાબ માટે બીજી ટૂંકી મુદતને ગણવામાં આવશે.

## અન્ય કોઇ બેનિફિટ થકી વધારે રકમ ના મળતી હોય

નીચે બતાવેલ બેનિફિટ થકી તમને વધારે રકમ મળતી હોય તો તમને કેરર્સ એલાવન્સ ના મળી શકે.

- સ્ટેટ રિટાયરમેન્ટ પેન્શન
- મેટર્નિટી એલાવન્સ
- ભરેલ ભરણા પર આધારિત જોબસીકર્સ એલાવન્સ
- ઇન્કૅપૅસીટી બેનિફિટ
- વિરહીના યા વિધવાના બેનિફિટ
- સિવીઅર ડીસેબલમેન્ટ એલાવન્સ

આ તજવીજ "ઓવરલેપીન્ગ બેનિફિટ"ના નિયમ તરીકે ઓળખાય છે.

ઉપરોક્ત બેનિફિટ થકી તમને ઓછી રકમ મળે, તો એમાં જરૂરી "ઉમેરો" કરી કેરર્સ એલાવન્સ જેટલી રકમ કરી દેવાશે.  યાદ રહે કે જે સાધારણ, સીધું બેનિફિટ હોય એ અ ઓવરલેપ થતું ગણાશે.  તમારી આવક પર યા ઉંમર પર આધારિત પૂરક રકમ હોય તો એ કેરર્સ એલાવન્સની ઉપરાંત મળતી રહેશે.

તમારા જીવનસાથીને એના બેનિફિટ જોડે આવી કોઇ વધારાની રકમ - તમારે લીધે - મળતી હોય, અને તમને ખુદને કેરર્સ એલાવન્સ મળે, તો એની એ વધારાની રકમ પર અસર થશે.  તમને મળતા કેરર્સ એલાવન્સ જેટલી રકમ એની પૂરક રકમમાંથી કાપી લેવામાં આવશે. જો એની પૂરક રકમ જેટલું જ કે એથી વધારે રકમનું કેરર્સ એલાવન્સ તમને મળે તો એની પૂરક રકમ નાબૂદ થઇ જશે.

જો તમને કેરર્સ એલાવન્સ મેળવવા આડે ફક્ત "ઓવરલેપીન્ગ બેનિફિટ"ના નિયમ જ નડતા હોય તો તમને બીજા 'મીન્સ-ટેસ્ટેડ' બેનિફિટ માટે કેરર તરીકે માન્યતા મળવી જોઇએ.  એ બેનિફિટના હિસાબમાં કેરર પ્રીમિયમની રકમ ઉમેરવામાં આવશે - આ પત્રિકામાં આગળ ઉપર કેરર પ્રીમિયમને લગતો વિભાગ જુઓ.

તમને સિવીઅર ડીસેબલમેન્ટ એલાવન્સ થકી મળી શકે એટલી જ રકમનું કેરર્સ એલાવન્સ થતું હોય, તો તમને લગભગ કેરર્સ એલાવન્સ જ મળશે.  પણ એને બદલે તમે સિવીઅર ડીસેબલમેન્ટ એલાવન્સ માગી શકો છો.  આમ કરવા પાછળ એક કારણ એ હોઇ શકે કે તમારા આશ્રિતને પોતાના બેનિફિટમાં ખોટ ન ખાવી પડે - આ પત્રિકામાં આગળ ઉપર *કેરર્સ એલાવન્સ અને સિવીઅર ડીસેબીલીટી પ્રીમિયમ* એ વિભાગ જુઓ.

## યુ.કે.માં તમારી હાજરી અને તમારા વસવાટ

છેલ્લા બાવન વીકમાંથી છવીસ વીક કરતાં ઓછો સમય તમે યુ.કે.માં રહ્યા હો તો તમને કેરર્સ એલાવન્સ ના મળી શકે.  અમુક માણસો યુ.કે.ની બહાર હોય તો પણ યુ.કે.વાસી જ ગણાશે - દા. ત. સશસ્ત્ર દળોના સદસ્યો અને યુરોપીયન ઇકોનોમિક એરિયાના અમુ દેશોના નાગરિકો.

તમારા યુ.કે.ના વસવાટ ઉપર ઇમિગ્રેશનને લગતા નિયંત્રણો હોય - જેમ કે રોજગાર-ધંધો કરવાની મનાઇ યા "પબ્લિક ભંડોળ"માંથી ભથ્થાં માગવાની મનાઇ - તો સામાન્યત્ તમને કેરર્સ એલાવન્સ ના મળી શકે. જો કે અમુક માણસોના વસવાટ ઉપર આવા નિયંત્રણો હોય તો પણ કેરર્સ એલાવન્સ ક્લેઇમ કરી શકે છે. કેરર્સ એલાવન્સ મેળવવામાં તમારી ઇમિગ્રેશનની શરતો નડતર-રૂપ હોય એવી શંકા કે અનિશ્ચિતતા હોય તો વધુ સલાહ માગી લો.

તમે દેશની બહાર હો તો નીચે બતાવેલ શરતો પ્રમાણે તમારૂં કેરર્સ એલાવન્સ ચાલુ રહી શકે:

- જેની સંભાળ તમે લેતા હો તેની સાથે જ તમે પરદેશ ગયા હો, એને એનું ડીસેબીલીટી બેનિફિટ મળવાનું ચાલુ રહે, અને એની દેખભાળ અર્થે જ તમે સફરમાં નીકળ્યા હો, તો છવીસ વીક સુધી ચાલુ રહેશે;
- અન્યથા, ચાર વીક સુધી ચાલુ રહેશે.

## કેરર્સ એલાવન્સનો ક્લેઇમ

કેરર્સ એલાવન્સ ક્લેઇમ કરવા માટે DS700 નામનું ફોર્મ ભરો. આ ફોર્મ માટે તમારી સ્થાનિક સોશિયલ સિક્યોરિટી ઓફિસ કે જોબસેન્ટરમાં પૂછો, યા કેરર અને ડીસેબલ્ડ માણસો માટે ડીડબલ્યુપી (ડિપાર્ટમેન્ટ ઓફ વર્ક એન્ડ પેન્શન્સ) દ્વારા ચાલતી હેલ્પલાઇનને નંબર ૦૮૦૦ ૮૮ ૨૨ ૦૦ (નોર્ધર્ન આયર્લેન્ડમાં નંબર ૦૮૦૦ ૨૨ ૦૬ ૭૪) ઉપર ફોન કરો. ઇન્ટરનેટમાં www.dwp.gov.uk નામની વેબસાઇટ ઉપરથી એ ફોર્મને ડાઉનલોડ પણ કરી શકાય છે - જો કે એ ડાઉનલોડ કરેલ ફોર્મ નોર્ધર્ન આયર્લેન્ડમાં કામ નહીં આવે.

તમે ક્લેઇમ કરો તો વીતેલા ત્રણ માસ સુધૂની મુદત માટે માગણી કરી શકો છો, શરત એટલી કે એ તમામ સમય દરમ્યાનની તમારી યોગ્યતા, તમારા અધિકાર તમે સાબિત કરી શકો.

તમે જેની સંભાળ લેતા હો તેને પોતાનું ડીસેબીલીટી બેનિફિટ ના મળે ત્યાં સુધી તમને કેરર્સ એલાવન્સ ના મળી શકે. ક્યારેક એવું બને કે એના ડીસેબીલીટી બેનિફિટના નિર્ણય કરતાં તમારા કેરર્સ એલાવન્સ બારામાં નિર્ણય વહેલો લેવાઇ જાય અને કેરર્સ એલાવન્સ નકારવામાં આવે. આમ થાય તો, જ્યારે એના ડીસેબીલીટી બેનિફિટનો નિર્ણય લેવાઇ જાય એના ત્રણ માસની અંદર-અંદર તમારા કેરર્સ એલાવન્સની અરજી ફરીથી કરો. જો કેરર્સ એલાવન્સ તમને મળશે તો તમારા પ્રથમ ક્લેઇમની તારીખથી મળશે યા એના પછી ડીસેબીલીટી બેનિફિટલાગુ પડે ત્યારથી મળશે.

## જોબસેન્ટર પ્લસ

કેરર્સ એલાવન્સ ક્લેઇમ કરવા માટે એક નવી પદ્ધતિ અમલમાં આવી રહી છે. ઘણાખરા કેરરને જોબસેન્ટર પ્લસમાં એક ખાસ ઇન્ટરવ્યુ માં હાજરી આપવી પડશે - "રોજગાર" ઉપર "ધ્યાન કેન્દ્રિત" કરનાર હશે. આ નવી પદ્ધતિ ધીરે ધીરે દાખલ થાય છે - યુ.કે.ના કોઇ કોઇ વિસ્તારમાં આ ઇન્ટરવ્યુ ફરજિયાત બની ચૂક્યો છે, જ્યારે બીજા અમુક વિસ્તારમાં એ અપનાવતા થોડા વર્ષ લાગી જશે.

અમુક માણસોને (કેરર્સ એલાવન્સ સંબંધી) ઇન્ટરવ્યુ નહીં દેવો પડે, જેમ કે:

- ૬૦ વર્ષથી ઉપરના હોય;
- અન્ય બેનિફિટ સંબંધે આવો ઇન્ટરવ્યુ તાજેતરમાં લેવાઇ ગયો હોય;
- વીકના ૧૬ કલાકથી વધારે કામ-ધંધો કે નોકરી કરતા હોય અને ઇન્કમ સપોર્ટ ઉપર ન હોય.

આ રોજગાર-વિષયક ઇન્ટરવ્યુ જોબસેન્ટર પ્લસમાંના એક ખાસ અંગત સલાહકાર જોડે હશે, અને એ રોજગાર-નોકરી બારામાં તમારા ભાવિ વિષે ચર્ચા કરશે. એ તમને નોકરી શોધવામાં મદદ કરશે તેમ જ નોકરી-ધંધા અર્થે જરૂરી તાલીમનું સૂચન કરશે. તમને જે કોઇ કામ એ ખોળી આપે યા જે કાંઇ સલાહ આપે એ તમારે સ્વીકારવું જ પડે એવું નથી. પરંતુ, તમે જે કોઇ કારોબાર આજ સુધી કર્યો હોય અને જે કાંઇ તાલીમ-કેળવણી તમે મેળવી હોય એની વિગતો સલાહકારને પૂરી પાડી, એને સહાય કરવાની તમારી જવાબદારી ખરી. તમે ઇન્ટરવ્યુમાં હાજરી ન આપો, અથવા ઇન્ટરવ્યુ વખતે આડાઇ કરો તો તમારી અરજી કદાચ ફગાવી દેવામાં આવશે.

# કેરર પ્રીમિયમ

## કેરર પ્રીમિયમ શું હોય છે?

કેરર પ્રીમિયમ કોઇ અલગ બેનિફિટ નથી. અન્ય "મીન્સ-ટેસ્ટેડ" બેનિફિટમાં પૂરક તરીકે ઉમેરાતી રકમ છે. નીચે બતાવેલ બેનિફિટના હિસાબમાં એ ધ્યાનમાં લેવાય છે:

- ઇન્કમ સપોર્ટ;
- મિનિમમ ઇન્કમ ગૅરંટી (૬૦ વર્ષથી મોટી ઉંમરનાં માટે ઇન્કમ સપોર્ટ);
- ઑક્ટોબર ૨૦૦૩ પછીથી મિનિમમ ઇન્કમ ગૅરંટીને સ્થાને આવનાર પેન્શન ક્રેડિટ;
- આવક પર આધારિત જોબસીકર્સ એલાવન્સ;
- હાઉઝીંગ બેનિફિટ; અને
- કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ (જેને નોર્ધર્ન આયર્લેન્ડમાં રેટ રિબેટ કહેવાય છે).

આ દરેક બેનિફિટના હિસાબમાં, તમારી આવક અને બચત-ભંડોળને ધ્યાનમાં લેવાશે.

આ બેનિફિટની રકમ નક્કી કરવા માટે તમારી સાપ્તાહિક આવકને અમુક નિશ્ચિત ભથ્થા જોડે સરખાવવામાં આવશે.  જો એ ભથ્થા કરતાં તમારી આવક ઓછી હશે, તો એ તફાવત જેટલી રકમ તમને ઈન્કમ સપોર્ટ, આવક પર આધારિત જોબસીકર્સ એલાવન્સ, યા મિનિમમ ઈન્કમ ગૅરંટી તરીકે મળશે.

હાઉઝીંગ બેનિફિટ અને કાઉન્સિલ ટૅક્સ બેનિફિટની ગણતરીમાં એમ જણાય કે એ ભથ્થા કરતાં તમારી આવક ઓછી છે, તો એ તફાવતને બદલે તમારા હક્કની પૂરી રકમ મળશે; અને જો ભથ્થા કરતાં તમારી આવક વધારે હશે તો બેનિફિટમાં ક્રમશઃ કાપ મુકાશે.

તમને અથવા તમારી જીવનસાથી (જો હોય તો)ને નીચેની કોઇ બાબત લાગુ પડે તો તમને આ પ્રીમિયમ મળી શકે:

- કેરર્સ એલાવન્સ મળતું હોય; યા,
- કેરર્સ એલાવન્સ મળવું જોઇએ, પણ એને બદલે બીજું કોઇ 'ઓવરલેપીન્ગ' બેનિફિટ હોય.

આ પ્રીમિયમની રકમ વીકના £૨૫.૧૦ જેટલી હોઇ શકે છે.  એકલ કેરરને એક પ્રીમિયમ મળે અને યુગલબંદીમાંથી એક યા બન્ને, જેને બધા મુદ્દા લાગુ પડતા હોય તેને મળે.

કોઇ પણ કારણસર તમે સંભાળ લેવાનું બંધ કરો તો તમારા ભથ્થાઓમાં ઉમેરાતું આ પ્રીમિયમ આઠ વીક સુધી જારી રહેશે.

## મૂડી-ભંડોળની અસર

તમારી પાસે £૮૦૦૦થી વધારે મૂડી બચત કરેલી હોય તો તમને ઈન્કમ સપોર્ટ કે આવક પર આધારિત જોબસીકર્સ એલાવન્સ ના મળી શકે.  જો £૩૦૦૦થી £૮૦૦૦ સુધી મૂડી હોય તો બેનિફિટની રકમમાં ક્રમશઃ કાપ મુકાશે.

£૧૨૦૦૦થી વધારે મૂડી બચત કરેલી હોય તો તમને મિનિમમ ઈન્કમ ગૅરંટી ના મળી શકે.  જો £૬૦૦૦થી £૧૨૦૦૦ સુધી મૂડી હોય તો બેનિફિટની રકમમાં ક્રમશઃ કાપ મુકાશે.

£૧૬૦૦૦થી વધારે મૂડી બચત કરેલી હોય તો તમને હાઉઝીંગ બેનિફિટ અને કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ ના મળી શકે.  જો £૩૦૦૦થી £૧૬૦૦૦ સુધી મૂડી હોય તો બેનિફિટની રકમમાં ક્રમશઃ કાપ મુકાશે; જો તમારી ઉંમર ૬૦થી વધારે હોય £૩૦૦૦ને બદલે £૬૦૦૦ લાગુ પડશે.

પેન્શન ક્રેડિટના હિસાબ માટે મૂડી-ભંડોળની કોઇ ટોચ-મર્યાદા નથી. જો £૬૦૦૦થી વધારે મૂડી હોય તો બેનિફિટની રકમમાં ક્રમશઃ કાપ મુકાશે પરંતુ મિનિમમ ઇન્કમ ગૅરંટીમાં જે કાપ મુકાય તેના કરતાં ઓછા દરે હશે.

## આ 'મીન્સ-ટેસ્ટેડ' બેનિફિટ કેવી રીતે ક્લેઇમ કરાય

ઇન્કમ સપોર્ટ અને જોબસીકર્સ એલાવન્સ માટે તમારી સ્થાનિક સોશિયલ સિક્યોરિટી ઓફિસમાં ક્લેઇમ કરો.

હાઉઝીંગ બેનિફિટ અને કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ માટે તમારી સ્થાનિક કાઉન્સિલમાં ક્લેઇમ કરો.

મિનિમમ ઇન્કમ ગૅરંટી માટે પેન્શન સર્વીસની હેલ્પલાઇનને નંબર ૦૮૦૦ ૦૨૮ ૧૧૧૧ ઉપર ફોન કરો.

## કેરર્સ એલાવન્સ અને સિવીઅર ડીસેબીલીટી પ્રીમિયમ

સિવીઅર ડીસેબીલીટી પ્રીમિયમ એ તમે જેની સંભાળ લેતા હો તેને મળી રહેલા 'મીન્સ-ટેસ્ટેડ' બેનિફિટમાં ઉમેરાતું ખાસ ભથ્થું છે. તમને પોતાને જો કેરર્સ એલાવન્સ મળતું હોય તો એ વ્યક્તિના બેનિફિટમાં આ સિવીઅર ડીસેબીલીટી પ્રીમિયમ નામનું ભથ્થું નહીં ઉમેરાય. આ પ્રીમિયમ £૪૨.૯૫ જેટલું થાય છે; એ એકલ માણસને મળી શકે છે તેમ જ યુગલમાંથી એક કે બન્નેને હક્ક પ્રમાણે મળી શકે છે.

એટેન્ડન્સ એલાવન્સ કે અંગત ચાકરી અર્થે મધ્યમ દરે યા ઉચ્ચ દરે ડીસેબીલીટી લીવીંગ એલાવન્સ મળતું હોય તેવી વ્યક્તિઓને સિવીઅર ડીસેબીલીટી પ્રીમિયમ મળી શકે છે. એ એકલા રહેતા હોવા જોઇએ, યા એની સાથે રહેનાર વ્યક્તિને નીચેની બાબતો લાગુ પડતી હોવી જોઇએ:

- એને અંગત ચાકરી અર્થે મધ્યમ દરે યા ઉચ્ચ દરે ડીસેબીલીટી લીવીંગ એલાવન્સ મળતું હોય; અથવા,
- એને એટેન્ડન્સ એલાવન્સ મળતું હોય; અથવા,
- એ ૧૮ વર્ષથી ઓછી વયના હોય; અથવા,
- ધર્માદા સંસ્થા યા કોઇ વોલન્ટરી સંસ્થા તરફથી એને ચાકરી કરવા માટે રોકેલા હોય, અને એ ચાકરી માટે ચાર્જ લેવાતો હોય; અથવા,

- અરજદારના એ મકાનમાલિક હોય અને કાંઇ નજીકના સગા ન થતા હોય; અથવા,
- અરજદારના એ લોજર/બોર્ડર હોય અને કાંઇ નજીકના સગા ન થતા હોય; અથવા,
- અરજદારના એ સહિયારા મકાનમાલિક કે સહિયારા ભાડૂત હોય અને કાંઇ નજીકના સગા ન થતા હોય.

અરજદારના મકાનમાલિક, લોજર/બોર્ડર, સહિયારા મકાનમાલિક કે સહિયારા ભાડૂત, સાથે રહેનાર જે હોય તે, એ કોઇના પરિવારજનોને આ પ્રીમિયમની ગણતરી માટે ધ્યાનમાં નથી લેવાતા.

સહિયારા મકાનમાલિક કે સહિયારા ભાડૂત હોય અને કાંઇ નજીકના સગા થતા હોય તો એ સંજોગોમાં,

- ૧૧ એપ્રિલ ૧૯૮૮ પહેલા, યા,
- એ ડીસેબલ્ડ વ્યક્તિ (કે એના જીવનસાથી) એ મકાનમાં રહેવા માટે આવ્યા હોય એ પહેલા,

જો આ ભાગીદારી અમલમાં આવી ગઇ હોય તો આ પ્રીમિયમની ગણતરી ઉપર એની અસર થતી નથી.

જીવનસાથી, માબાપ, સાસુ-સસરા, પુત્ર, જમાઇ, પુત્રી, પુત્રવધુ, સાવકા માબાપ, સાવકા સંતાન, ભાઇ, બહેન, કે એ પૈકી કોઇના સહચર કે જીવનસાથી - આ બધાંને આ વિષય માટે નજીકના સગા - આપ્તજન - લેખવામાં આવે છે.

કેરર્સ એલાવન્સ **મળતું થાય** તો જ સિવીઅર ડીસેબીલીટી પ્રીમિયમ અટકાવવામાં આવે છે. મૂળમાં કેરર્સ એલાવન્સ માટે તમારો અધિકાર હોય તો આ પ્રીમિયમ મેળવવામાં બાધ ન હોઇ શકે. મતલબ કે જો કેરરને 'ઓવરલેપીન્ગ બેનિફિટ'ને લીધે જ કેરર્સ એલાવન્સ નકારવામાં આવ્યું હોય તો એને 'મીન્સ-ટેસ્ટેડ' બેનિફિટ સાથે કેરર પ્રીમિયમ મળી શકે તેમ જ સિવીઅર ડીસેબીલીટી પ્રીમિયમની ગણતરીમાં પણ તેની અવળી અસર ન થાય.

વધારે માહિતી માટે કેરર્સલાઇનને નંબર ૦૮૦૮ ૮૦૮ ૭૭૭૭ ઉપર ફોન કરો અને *કેરર્સ એલાવન્સ તથા સિવીઅર ડીસેબીલીટી પ્રીમિયમ* નામની માહિતી-પત્રિકા વિષે પૂછો.